આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૮)

આજે રાશિ કર્ક

આજના ગ્રહોની કુંડળી



આજે રામનવમી છે. ચાંડાયોગ ચાલુ છે. સૂર્ય, શુક્ર ઉચ્ચના ગ્રહો છે. ચંદ્ર - મંગળ સ્વગૃહી છે. ચૈત્રી નવરાત્રીનો છેલ્લો દિવસ છે.

મેષ તમારી રાશિમાં ઉચ્ચનો સૂર્ય બુધ - બારમે શુક્ર ઉચ્ચનો - ચોથે ચંદ્ર સ્વગૃહી છે જે સુયોગ ઉત્પન્ન કરે છે. આજનો તમારો દિવસ આનંદમાં જશે.

વૃષભ બારમે ઉચ્ચનો સૂર્ય અને અગિયારમે ઉચ્ચનો શુક્ર સારો યોગ કરે છે ને નથી કરતો. (સ્થાનની દ્રષ્ટિએ) માટે આજે આપનો દિવસ સારાનરસા બનાવોથી પસાર થાય.

મિથુન દસમે શુક્ર ઉચ્ચનો - અગિયારમે ઉચ્ચનો સૂર્ય બુધ - બીજે સ્વગૃહી ચંદ્ર વિ-યોગો ઘણા શુભયોગો છે માટે આજે આપનો દિવસ સારો જશે - આનંદમાં જશે.

કર્ક રાશિપતિ ચંદ્ર રાશિમાં છે - દસમે સૂર્ય ઉચ્ચનો છે - પદપ્રાપ્તિ યોગ થાય છે. ભાગ્યમાં ઉચ્ચનો શુક્ર છે - બીજે ચાડાંલ યોગ છે. તેથી આપનો આજનો દિવસ મિશ્રફળવાળો જાય.

સિંહ રાશિમાં રહેલ ચાંડાલ યોગ તમારા બાકીના સારા યોગોની સારાશને નષ્ટ કરે છે - તેમ છતાં ઉચ્ચના ગ્રહો અને સ્વગૃહી ગ્રહોને કારણે તમોને ફાયદો થવા સંભવ છે.

કન્યા બારમે ચાંડાલ યોગના કારણે બધા જ સારા ગ્રહોનું શુભત્વ નષ્ટ કરે છે. તેમ છતાંય ઉચ્ચના ગ્રહો તમોને જરૂરથી મદદકર્તા નીવડશે અને તમારો દિવસ આનંદમાં જશે.

તુલા સાતમે ઉચ્ચનો સૂર્ય બુધ તેમજ બીજે મંગળ શનિ તમોને કૌટુંબિક અને શાસાંરીક ચડભડમાં સંડોવે તો નવાઈ નહીં માટે સંયમ જાળવીને કાર્ય કરશો તો દિવસ સારો જશે.

વૃશ્ચિક રાશિપતિ મંગળ રાશિમાં વક્રી શનિ સાથે છે તેમજ દસમે ચાંડાલયોગ ચાલે છે જેથી બધી રીતે તમારો સમય ખરાબ ચાલે છે - ભક્તિ પૂજામાં સમય વિતાવશો તો સારું ફળમય છે.

ધન બારમે શનિ મંગળની યુતિથી તમોને પડવા - વાગવા - દાઝવાથી ઈજા થવા સંભાવના છે માટે ઈશ્વર સ્મરણ અને ભક્તિ પૂજામાં તમારો સમય વિતાવશો તો દિવસ સારો જશે.

મકર સાતમે સ્વગૃહી ચંદ્ર જીવનસાથી પ્રત્યેના તમારા આકર્ષણમાં વધારો કરી દેશે. જેથી તમારો સંયમ સારી રીતે પસાર થઇ જશે - દિવસ આનંદમાં જશે.

કુંભ સાતમે ચાંડાલયોગ સારો નથી તેથી તમારી વાણી ઉપર - ખરાબ અસરો થાય તેમ છે. અપશબ્દો ઉચ્ચારશો નહીં જેથી તમારા સંબંધો બગડે નહીં.

મીન રાશિમાં શુક્ર તમોને વિલાસી બનાવે - અયોગ્ય ખર્ચા કરાવે - ધ્યાન રાખશો તો સારું નહીં તો ખર્ચા થઈ ગયા પછી પસ્તાવાનો પાર નહીં રહે.

ધાનેરામાં શિવાજી શોપિંગ પરના ટાવર પર ભયજનક આગ

ધાનેરાના લોકો સામે મોત બની ઝઝુમતા ટાવરો : ટાવરોના કારણે ધાનેરામાં જાનહાની સર્જાય તો જવાબદાર કોણ ?

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠાના ધાનેરામાં આવેલા શિવાજી સ્ટેટ નામના શોપિંગ ઉપરના ટાવરમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. દોઢ કલાકની

મહામહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.

ધાનેરાના શિવાજી સ્ટેટ નામના શોપિંગ ઉપર ખાનગી કંપનીનું ટાવર આવેલું છે અને આ ટાવરમાં મોડી રાત્રે અચાનક આગ ભભુકી ઉઠતા ધાનેરામાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અને ઘટનાની જાણ ધાનેરા પાલિકાને કરતા ધાનેરા પાલિકાનું ફાયર ફાયટર તાત્કાલિક ઘટનાસ્થળ પર આવી દોઢ કલાકની મહામહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ કાબુમાં આવતા તંત્ર સહીત ધાનેરાના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

મોડી રાત્રે લાગેલી આગના કારણે ધાનેરામાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો આગ પાસે ન જાય તે માટે પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અત્યાર સુધી તો આગ લાગવાનું કોઈ જ સાચુ કારણ જાણવા મળ્યું નથી. તો બીજી તરફ લોકો કહી રહ્યા છે કે શોર્ટ સર્કીટના કારણે આગ લાગી છે. આગ લાગવાનું સાચુ કારણ તો તપાસ બાદ જ બહાર આવશે. હવે જો વાત કરવામાં આવે ટાવરની તો ધાનેરામાં ટાવર લોકો માટે મોત બની ઝઝુમી રહ્યો છે. ટાવરમાં અચાનક આગ લાગતા આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને લોકોમાં ભારે નાસભાગ જોવા મળી હતી. તાત્કાલિક ફાયર ફાયટર આવી જતા આગ પર કાબુ મેળવી લેવાયો હતો. જો આગ કાબુમાં ન આવી હોત અને કોઈ જાનહાની સર્જાઈ હોત તો તેના માટે જવાબદાર કોણ એવા અનેક સવાલ ધાનેરા લોકોમાં ઉઠવા પામ્યા હતા. જેથી લોકો કહી રહ્યા છે કે સ્થાનિક તંત્ર જાગે અને લોકો સામે મોત બની જજુમતા ટાવરો સામે પગલા ભરે.

ચૈત્ર નવરાત્રીની આઠમને લઈ યાત્રાધામ અંબાજીમાં યાત્રીકોની ભારે ભીડ ઉમટી પડી હતી. અંબાજી મંદિરમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. ને આજે અષ્ટમીને લઈ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા યજ્ઞમાં યાત્રાધામ વિકાસ બોર્ડના વાઈસ ચેરમેન રાજુ ધ્રુવની યજમાન પદે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અગ્ર સચિવ અંજુ શર્મા, જિલ્લા કલેક્ટર દિલિપ રાણા સહિત ડી.ડી.ઓ., ગણપતભાઈ જોષી તેમજ અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહી હવનમાં આહુતી આપી વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

અનુપ જલોટા : જાણીતા ભજનીક અનુપ જલોટા ગુરુવારની સાંજે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. થનગનાટ ગાંધીનગર જીમખાના અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા આયોજિત ભજન સંધ્યાના કાર્યક્રમમાં અનુપ જલોટાએ ભાવપૂર્વક ભજનો રજુ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

સીસોદરા(મે) ગામે વીજ તણખાંથી આગ લાગતા ઉકરડાઓ અને સુકા લાકડા બળીને ખાખ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે મંગળવારના રોજ થ્રી ફેઈઝ લાઈનની ડીપીમાંથી અચાનક વીજ તણખાં પડતા સેન્દ્રીય ખાતરના અને બે ટ્રેક્ટર જેટલા સુકા લાકડા બળીને ખાખ થઈ જતા ગ્રામજનોમાં વીજતંત્ર સામે રોષની લાગણી ભભુકી ઉઠી છે.

પ્રાપ્ત વિગત મુજબ મેઘરજ તાલુકાના સીસોદરા(મે ગામે આ ગામની સીમમાંથી પસાર થતી વીજ લાઈનની થ્રી ફેઈજની ડીપીમાંથી અચાનક ચાર વાગ્યાના અરસામાં આગના વીજ તણખાં પડતા ડીપી નીચેનું સુકુ ઘાસ બલવા લાગ્યું હતું અને ત્યારબાદ પવન ફૂંકાતા સળગતા ઘાસના તણખા પાસે રહેલ પશુઓના છાણીયા ખાતરના ઉકરડાઓમાં પડતા મોટા મોટા પાંચ જેટલા ઉકરડાઓમાં રહેલી ખેડૂતોનું મોંઘાના ભાવનું છાણીયું ખાતર બળીને ખાખ થઈ ગયું હતું અને તેના પાસે બળતણ માટે વેચાતા લાવેલા બે ટ્રેક્ટર જેટલા સુકા લાકડા પણ આગની લપેટમાં આવતા બળીને ખાખ થઈ ગયા હતા. આ આગ લાગવાના મોટા મોટા ધૂમાડાની જાણ ગ્રામજનોને થતાં આગ બુજાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ આ

ગામમાં પાણીની પણ વિકટ સમસ્યા અને પાણીની તંગીને કારણે આગ બુજાવવામાં નિષ્ફળતા મળી હતી. અને આગે મોડી રાત્રે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આ આગ ગામમાં ન પ્રવેશી જાય તે માટે ગ્રામજનોએ મોડે સુધી મોટી જહેમત ઉઠાવી હતી અને આ આગ બીજા દિવસે સવારે પણ ચાલુ જ હતી અને પાણીની સમસ્યાના કારણે આગ કાબુમાં લઈ શકાઈ ન હતી તેથી મોટુ નુકશાન થયું હોવાનું જણાય છે.

તેથી ગ્રામજનોએ વીજતંત્ર સામે ભારે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે અનેક રજુઆતો કરવા છતાં વીજ તંત્ર દ્વારા આવા લટકતા વાયરોનું સમારકામ હાથ ધરવામાં આવતુ નથી. તો તંત્ર હજુ સુધી કેમ નિંદ્રાધીન છે ? શું તંત્ર ભવિષ્યમાં મોટા નુકસાનની રાહ જોવે છે કે શું, તેવા અનેક પ્રશ્નો ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે આવી ફોલ્ટ વાળી ડીપીઓ અને લટકતા વીજ વાયરોનું ઝડપથી સમારકામ હાથ ધરવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

ભારે તંગદિલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખોરવાઈ ગયું છે. બજારો આજે બંધ રહ્યા હતા. સત્તાવાળાઓએ ઉત્તર કાશ્મીર વિસ્તારમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા કામચલાઉ ધોરણે બંધ કરી દીધી છે. જો કે, ખીણના મોટાભાગના વિસ્તારોમાં આજે સંપૂર્ણ શાંતિ રહી હતી. કેટલીક જગ્યાએ પથ્થરમારાના બનાવો બન્યા છે. હેન્ડવારાના જે છ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંચારબંધી જેવા નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા છે. તેમાં રેનવાડી, નોવાટા, ખેનયાર, એમઆર ગંજ, સફા કડસ, મૈસુમાનો સમાવેશ થાય છે. તમામ વિસ્તારોમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

કામ મુશ્કેલ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે હતા. આંબેડકર હંમેશા શિક્ષિત બનવા, સંગઠિત થવા અને સંઘર્ષ કરવા કહેતા હતા. બાબા સાહેબ સામાજિક સમાનતા અને ન્યાયની તરફેણમાં હતા. વિજ્ઞાનની પણ તરફેણમાં હતા. આંબેડકર જેવી વ્યક્તિ અમારી પ્રેરણા સમાન રહે તો કોઈ કામ મુશ્કેલ નથી. ખેડૂત માટીમાંથી સોનુ બનાવી શકે છે. અપમાનનો સામનો કરવામાં આવ્યા બાદ પણ બંધારણની રચના કરતી વેળા બાબાસાહેબે કોઈના પ્રત્યે બદલાની ભાવના રાખી ન હતી. મોદીએ પોતાની તમામ યોજનાઓ અંગે વાત કરી હતી.

બંદર વિકાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉદ્ઘાટન પ્રસંગે કહ્યું હતું કે, અમારી યોજના ૨૦૨૫ સુધી બંદરોની ક્ષમતા વર્તમાન ૧૪૦ કરોડ ટનથી વધારીને ૩૦૦ કરોડ ટન સુધી લઈ જવાની યોજના છે. આના માટે એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની યોજના છે. મોદીના કહેવા મુજબ ભારતની આયાત-નિકાસ કારોબારની વધતી માંગને ધ્યાનમાં લેવા અને તેને પૂર્ણ કરવા પાંચ નવા બંદર જોડવાની યોજના બનાવવામાં આવી છે જે ઝડપથી આગેકૂચ કરી રહેલા ભારતીય અર્થતંત્રમાં વધારાના અનુરુપ રહેશે. ભારતના કેટલાક દરિયા કાંઠાના રાજ્યોમાં નવા બંદર બનાવવામાં આવી રહ્યા છે. શિપિંગ મંત્રાલય દ્વારા આની તૈયારી કરી લેવામાં આવી છે. મોદીએ રોકાણકારોને અપીલ કરતા કહ્યું હતું કે, ભારતમાં રોકાણ કરવા માટે ખુબ સારો સમય છે. સરકારની આ ક્ષેત્ર માટેની યોજનાની માહિતી આપતા મોદીએ કહ્યું હતું કે, શિપિંગ મંત્રાલય દ્વારા ૨૫૦ પ્રોજેક્ટો તૈયાર કરી લેવામાં આવ્યા છે. આ યોજનાઓમાં ૧૨ મોટા બંદર, આઠ દરિયાઈ રાજ્યો અને અન્ય એજન્સીઓની મદદથી મૂળભૂત માળખાને વિકસિત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં માર્ગોને વધુ યોગ્યરીતે વિકસિત કરવામાં આવશે. ૧૦૦ પ્રોજેક્ટોની ઓળખ મહત્વકાંક્ષી સાગરમાલા પ્રોગ્રામ હેઠળ કરવામાં આવી છે. દેશમાં ૧૪૦૦૦ કિલોમીટરના આઈલેન્ડ વોટરવે વિકસિત કરવામાં આવશે.

તંત્ર સંપૂર્ણ સજ્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આચારસંહિતા ભંગની કોઈ ફરિયાદ મળી નથી પરંતુ અખબારોમાં જે ફોટા પ્રસિદ્ધ થયા હતા તે તંત્રએ દૂર કરાવ્યા છે. તેમણે પત્રકારોને શહેરના માર્ગો પર અને ખાનગી મિલ્કતો પર પક્ષના ધ્વજ લાગ્યા હોવા અંગે જણાવ્યું હતું કે આ વાત ધ્યાને આવી છે પરંતુ ખાનગી મિલ્કત ધારકની મંજુરીથી લગાવ્યા હોય તો તેમાં આચારસંહિતાનો ભંગ થતો નથી. જાહેર સ્થાનો પર જો તે હશે તો દૂર કરી દેવાશે.

શ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે આ ચૂંટણીમાં ઉમેદવારને રૂ. ૪ લાખના ખર્ચની મર્યાદા લાગુ કરાયેલી છે. આ માટે ખર્ચ નિરીક્ષક સમક્ષ સમયાંતરે ઉમેદવારોએ હિસાબ રજુ કરવાના રહેશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર તંત્ર દ્વારા જુદા જુદા જાહેરનામા પણ પ્રસિદ્ધ કરવામાં આવેલા છે.

૨૦મીએ ગાંધીનગરમાં યોજાનાર સમરસતા સંમેલન અંગેની હજુ સુધી કોઈ મંજુરી માંગવામાં નહિ આવી હોવાનું જણાવી જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે મામલતદાર કચેરી ખાતે જુદી જુદી મંજુરી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે આચારસંહિતાના ભંગને લઈ કોઈ ફરિયાદ મળી નથી.

મતદાનના ૪૮ કલાક પૂર્વે બહારથી આવેલા ઉમેદવારોના સમર્થકોએ શહેર છોડી જવાનું રહેશે.

આ પત્રકાર પરિષદમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયા, પ્રાંત અધિકારી શ્રી વ્યાસ, ચૂંટણી અધિકારીઓ સુશ્રી કવિતાબેન શેઠ, સુશ્રી નિસાબેન શર્મા, નાયબ મ્યુનિ. કમિશ્નર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ચૌહાણ, જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને નોડલ ઓફિસરો હાજર રહ્યા હતા.

ઈ-વોટીંગથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈ.વોટર્સનું રજીસ્ટ્રેશન થયુ હતુ. જે પૈકી ૫૧૭ મતદારોએ ઈ.વોટીંગ કર્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે મહાનગરપાલિકાની આ ચૂંટણીમાં નોંધાયેલા મતદારો ૧,૫૦,૬૧૦ છે. જેમાં ૭૭,૮૯૬ પુરૂષ મતદારો અને ૭૨,૭૧૪ મહિલા મતદારો છે. સૌથી વધુ નોંધાયેલા વોર્ડ નં. ૮માં છે. જ્યારે સૌથી ઓછા મતદારો વોર્ડ નં. ૪માં નોંધાયેલા છે. વોર્ડ નં. ૮માં ૨૧,૪૬૫ મતદારો છે જ્યારે વોર્ડ નં. ૪માં ૧૫,૮૬૮ મતદારો નોંધાયેલા છે.

તેમણે જણાવ્યુ હતુ કે ઈ.વોટીંગ માટે તંત્રએ છેડેલા અભિયાનને સારો પ્રતિસાદ મળ્યો છે. વેરીફીકેશન માટે ૧૬ જેટલી ટીમો હાલ કામ કરી રહી છે. આ પછી ઈ.વોટર્સને તેની જાણ કરતા એસ.એમ.એસ. પણ મોકલવામાં આવી રહ્યા છે. અધિકારીઓ ઉપરાંત જાગૃત નાગરિકો અને યુવા મતદારો પણ ઈ.વોટર્સ તરીકે રજીસ્ટર્ડ થયા હોવાનું તેમણે કબુલ્યુ હતુ.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા વિવિધ કોર્સનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના નગરજનો માટે તા. ૧૯ એપ્રિલ થી ૨૪ એપ્રિલ ૨૦૧૬ દરમિયાન સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ હેપીનેસ પ્રોગ્રામનું આયોજન અને બાળકો (ઉંમર ૮ થી ૧૨ વર્ષ) માટે આર્ટ એકસલ અને યુવાઓ (ઉમર ૧૩ થી ૧૭ વર્ષ) માટે યસ કોર્ષનું આયોજન તા. ૧૮ એપ્રિલથી ૨૩ એપ્રિલ ૨૦૧૬ દરમિયાન સવારે ૧૦ થી ૧૨.૩૦ દરમિયાન બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે તથા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન તા. ૧૮મી એપ્રિલ થી ૨૩ એપ્રિલ ૨૦૧૬ દરમિયાન સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, સ્વામિનારાયણ ધામ સામે, કુડાસણ ખાતે કરેલ છે.

ઉપરોકત બંને શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તણાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વાસથી આગળ વધી શકે અને તણાવ રહીત વ્યકિત થકી હિંસામુકત સમાજ બને તે છે. આ શિબિરમાં ભાગ લેવા તથા કોઈ પણ માહિતી માટે શિબિર સ્થળ પર અથવા સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવો.

ભેદ ઉકેલાયો...

● ત્રીજા પાનાનું ચાલુ

ગાડીનો પીછો કર્યો અને ત્રણ રાઉન્ડ ફાયરીંગ પ્રકાશે કર્યું પરંતુ તે દિવસે જીગ્નેશની ગાડી તેનો મિત્ર હાર્દિક લઈ ગયો હોવાથી જીગ્નેશ બચી ગયો હતો તો બીજી તરફ હાર્દિક પણ નિશાનચુક થતા બચી ગયો હતો. જયેશ પટેલની ધરપકડ કરી પીએસઆઈ વિરલ પટેલે કરેલી પુછતાછમાં બહાર આવ્યું છે કે ફાયરીંગ કરીને પ્રકાશ અને જયેશ બંને અડાલજ-ઉવારસદ થઈને કોલવડા જતા રહ્યા હતા ત્યાં બાઈક મુકીને બંને ફરાર થઈ ગયા અને થોડા દિવસો સાથે રહ્યા હતા. ત્યારબાદ જયેશ પંચમહાલ, બોપલ, જામનગર અને મધ્યપ્રદેશ જેવા અલગ અલગ વિસ્તારોમાં નાસતો ફરતો હતો અત્યારે પ્રકાશ ચીના કયાં છે તેની જયેશને ખબર ન હોવાની કેફીયત આપી રહ્યો છે. નોંધનીય છે કે દોઢ મહિના પહેલા પ્રકાશ ચીનાએ જીગ્નેશનું અપહરણ કરીને ખંડણી માંગી હતી તે ગુનામાં પણ જયેશની સંડોવણી હતી જેને પગલે સે-૭ પોલીસને આરોપી સોંપવામાં આવતા પી.આઈ. ડી.ડી. સોઢાએ તપાસ આરંભી છે. જયેશ અગાઉ દારૂના જથ્થા સાથે તથા મારામારીના ગુનાઓમાં પણ પકડાઈ ચુકયો હોવાનું જાણવા મળ્યું છે.

મોડાસા-ડુગરવાડા રોડ પર ખુલ્લી ગટરમાં ગાય ગરકાવ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં નગરપાલિકાતંત્ર દ્વારા નગરમાં વરસાદીના પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં મુખ્યત્વે ગટરોના ઢાંકણ ખુલ્લા છોડી દેવામાં કે પછી તુટી જતા આવી ખુલ્લી ગટરમાં શહેરની ગટરોમાં અનેકવાર ગાય તેમજ અન્ય અબોલા પશુઓ પડવાની ઘટનાઓનું નિર્માણ થવા છતાં નઘરોળ નગરપાલિકાતંત્રની આંખો ઉઘડતી નથી. મંગળવારે મોડાસા-ડુઘરવાડા રોડ પર રેલવે કોસીંગની બાજુમાં ૧૫ ફૂટ ખુલ્લી ગટરમાં અચાનક ગાય ખાબકતા આ ઘટનાની જાણી જીવદયાપ્રેમી અને પશુઓ-પક્ષીઓ માટે ૧૦૮ ઈમરજન્સી સેવા માટે જાણીતા નિલેષ જોષીનો સંપર્ક કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી અન્ય જીવદયા પ્રેમીઓની અને જેસીબી મશીનની અંદરથી ગાયને જીવતી બહાર કાઢવામાં સફળતા મળી હતી.

મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રની બેદરકારી સામે આવી હતી. મંગળવારે સાંજના સુમારે મોડાસા-ડુગરવાડા રોડ પરના રેલવે ક્રોસિંગ નજીક ૧૫ ફૂટ ઊંડી ગટરમાં ગાય અકસ્માતે પડી જતા ગાયને બચાવવા જીવદયાપ્રેમીઓની ટીમ ઘટનાસ્થળે ધસી જઈ જેસીબી મશીન વડે એક કલાકની ભારે જહેમત બાદ હેમખેમ ગાયને બહાર

કાઢી હતી. નગરપાલિકા તંત્ર દ્વારા ડુગરવાડા રોડ પરની સોસાયટીઓમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ખુલ્લી ગટરો મોતના કૂવા સમાન ભાસી રહી છે. મંગળવારે ૧૫ ફૂટ ઊંડી ગટરમાં ગાય ખાબકતા અને ગાયના શીંગડા પાઈપલાઈનમાં ફસાઈ જતા ગાય ગટરમાં તરફડવાની સાથે કણસતા હોવાની જાણ અહીંથી પસાર થતા લઘુમતિ યુવાનને થતા શહેરના જાણીતા જીવદયાપ્રેમી નિલેષ જોષીનો સંપર્ક કરતા જીવદયાપ્રેમીઓ ગફુરભાઈ રબારી અને જેસીબીના ચાલક ધુળાભાઈ સહિતના અન્ય યુવાનો ઘટનાસ્થળે પહોંચી ગટરમાં ઉતરી ગાયના ગળામાં રસ્સી બાંધી એક કલાકથી વધુ સમય બાદ ભારે જહેમત ઉઠાવી ગાયને ઈજાઓ ન પહોંચે તે રીતે બહાર કાઢવામાં આવતા આજુબાજુના રહીસો અને જીવદયા પ્રેમીઓએ હાશકારો અનુભવ્યો હતો.

તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

થી આ રોગ ખરાબ રીતે વધે છે. વધારે પડતું તીખું ખાવાથી H.Pylori ના બેકટેરિયાનો વધારે ગ્રોથ થાય છે. કોઈ વખત આનાથી હોઝરીનું કેન્સર પણ થાય છે. કહેવાનું એટલુજ છે કે વધારે હાઈજેનિક રીતે જીવન જીવવાથી H.Pylori નામના રોગને કાબુમાં રાખી શકાય છે. ખાસ કરીને બાળકો અને પ્રેગનેન્ટ મહિલાઓમાં વધારે સાવચેતી રાખવાની જરૂર છે. જરૂર પડે તો H.Pylori એન્ટીબોડી નો ટેસ્ટ લોહીમાંથી કરાવી લેવો.ઉપરના બધા કારણોમાં H.Pylori ના બેકટેરિયા મોટે ભાગે જવાબદાર હતા. H.Pylori ના દર્દીને બ્રાઉન કર્લની ઉલટી થાય છે. કોઈ વખત શરીર ઉપર ચકામા પડે છે.